# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 25-01-2025 Day: Tuesday Morning: 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી શ્રી મોદી-પીએમ કિસાન યોજના:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે બિહારના ભાગલપુર ખાતેથી 9 કરોડ 80 લાખ ખેડૂતોને પીએમ કિસાન યોજનાનો 19મો હપ્તો છૂટો કર્યો. શ્રી મોદીએ 22 હજાર 700 કરોડ રૂપિયાની રકમ જારી કરતા બિહાર સહિતના દેશના ખેડૂતોને શુભકામના પાઠવી હતી.**

**દરમિયાન શ્રી મોદીએ કહ્યું કે વિશ્વના દરેક રસોડામાં ઓછામાં ઓછી એક ભારતીય વાનગીને સામેલ કરવી એ તેમનું સ્વપ્ન છે. શ્રી મોદી એ જણાવ્યું કે તેમની સરકાર કૃષિ ઉત્પાદનોની નિકાસ, પ્રક્રિયા અને માર્કેટિંગને પ્રોત્સાહન આપીને આ દિશામાં અવિરતપણે કામ કરી રહી છે.**

-------------------------------------------------------------------------------------

## મુ.મંત્રી-પીએમ કિસાનનિધિ:

**પીએમ કિશાન નિધિ યોજના અંતર્ગત પ્રધાનમંત્રી દ્વારા આ યોજનાના 19માં હપ્તાના ચૂકવણા પ્રસંગે ગાંધીનગરમાં વર્ચ્યુઅલી જોડાયેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, 19મા હપ્તામાં રાજ્યના 51 લાખથી વધુ ખેડૂતોને એક હજાર 148 કરોડની ચૂકવણી કરવામાં આવી છે.**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે રાજ્ય સરકાર ખેડૂતોની કોઇપણ સમસ્યાના ઉકેલ લાવવા માટે હંમેશા તત્પર રહી છે. તેમણે કહ્યું હતું કે રાજ્યનો ખેડૂત આર્થિક રીતે વધુ સક્ષમ બને તે માટે સરકાર કટિબધ્ધ છે.**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે તુવેરની ટેકાના ભાવે ખરીદીનો પણ વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. રાજ્યમાં 200 જેટલા ખરીદ કેન્દ્રો પરથી 2 લાખ 6 હજાર મેટ્રિક ટન તુવેરના જથ્થાની ખરીદી કરવાનું આયોજન છે.**

-------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી બિહાર , મધ્યપ્રદેશ અને ગુજરાતની પાંચ દિવસની મુલાકાતે જશે. બિહારમાં, તે પટના મેડિકલ કોલેજના શતાબ્દી સમારોહમાં ભાગ લેશે. તો મધ્યપ્રદેશના છતરપુર જિલ્લામાં એક સમૂહલગ્ન સમારોહમાં હાજરી આપવના છે. જ્યારે ગુજરાતમાં રાષ્ટ્રપતિ કેવડિયા, અમદાવાદ અને ધોળાવીરાની મુલાકાત લેશે.

---

## વિધાનસભાગૃહ-બે વિધેયક પસાર:

ગઇકાલે વિધાનસભા ગૃહમાં બે વિધેયક પણ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં જીએસટીને લગતું ગુજરાત માલ અને સેવા વેરા સુધારા વિધેયક અને બીજુ વિધેયક ગુજરાત વ્યવસાયી બાંધકામ ઇજનેર રદ કરવા બાબતનું વિધેયક હતું. આ બંને વિધેયક સર્વાનુમતે પસાર થયું હતું.

---

## મહાશિવરાત્રીની ઉજવણી:

આવતીકાલે મહાશિવરાત્રીના પર્વની કચ્છભરમાં ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવશે. જિલ્લાના વિવિધ શિવાલયોમાં દિપમાળા , અભિષેક, ચાર પ્રહરની પૂજા , મહાઆરતી, હવન, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમનું આયોજન કરાયું છે. ઠેર-ઠેર શોભાયાત્રા , બાઈક રેલી સહિતના આયોજનો વિવિધ સંગઠનો અને ગ્રુપો દ્વારા કરાયું છે.

જિલ્લા મથક ભુજ ખાતે આવતીકાલે વિશાળ શોભાયાત્રા નીકળશે. શોભાયાત્રામાં વિવિધ સમાજો જોડાઇ ભક્તિ વંદના કરશે.ભુજના પાળેશ્વરચોકથી શોભાયાત્રા શરૂ થઇ શહેરના રાજમાર્ગો પર ફરી વળશે. શોભાયાત્રાના રૂટમાં વિવિધ સંગઠનો , સમાજો દ્વારા દૂધ, આઇસ્ક્રીમ, કોલ્ડ્રીક્સ સહિત ઠંડા પીણાની વ્યવસ્થા કરવામાં આવી છે.

---

## ધ્રંગ-મહાશિવરાત્રી મેળો:

ભુજ તાલુકાના ધ્રંગમાં સંત મેકણદાદા અખાડા ખાતે મહાશિવરાત્રીના પર્વ નિમિત્તે આવતીકાલથી બે દિવસીય ધાર્મિક મેળાનું આયોજન કરાયું છે. આવતીકાલે સવારે દાંડિયારાસ , ફરાળ પ્રસાદ, સામૈયું, રાત્રે મહાઆરતી અને કોરી પ્રસાદ યોજાશે. જ્યારે 27 ફેબ્રુઆરીએ સવારે બખ મલાખડો , મહાપ્રસાદ, બપોરે માનવ દોડ અને ત્યારપછી ઘોડા દોડ યોજાશે. રાત્રેના લોકડાયરો યોજાશે.

---

## માંડવી શહેર સ્થાપના દિવસ ઉજવણી:

ગઇકાલે માંડવી શહેરના  સ્થાપના દિનની વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી કરાઇ હતી. નગરપાલિકાના અધ્યક્ષ હરેશ વિંઝોડાના હસ્તે ખીલી પૂજન અને તોરણવિધિ કરવામાં આવી હતી. સ્થાપના દિવસ નિમિત્તે માંડવીમાં વિવિધ કાર્યક્રમો અને સાયક્લોથોન પણ યોજાઇ હતી. નગરપાલિકાના વાંચનાલય અને પુસ્તકાલયમાં વી.આર.ટી.આઈના સહયોગથી   40% વળતર યોજના સાથે પુસ્તક મેળાનું ઉદ્ઘાટન કરાયું હતું.

---------------------------------------------------------------------------------------

## ગુજકેટ પરીક્ષા:

ગુજકેટની પરીક્ષા આગામી   23મી માર્ચે યોજાશે.  ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી  23મી માર્ચે રવિવારના રોજ સવારે  10 થી બપોરના  4 કલાક દરમ્યાન જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતે ગુજકેટ પરીક્ષા યોજાશે.

---------------------------------------------------------------------------------------

## હવામાન:

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં આગામી પાંચ દિવસ ગરમી અને બફારાનું હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે.

---------------------------------------------------------------------------------------